સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

રચાઈ ગયો પક્ષ, 'સેના' જેવી, ઓડનોડ થઈ!
બદલાયાં સમીકરણ અને બાંધછોડ થઈ!
બેસી ગઈ માખી ગોળ પર આમતેમ ઉડીને -
પેઠા રાજાકરણે, સત્તા માટે ઓળઘોળ થઈ!

હાઈકુ

જૂનો સંબંધ
'લાડુ' થી 'મૂષકો'નો
'લે' છે પ્રસાદ..
(ગણેશ ચતુર્થી)

દુભવ્યાં હોય!
મન વચન કર્મે -
કરજો માફ..
(ક્ષમાપના)

ચિંતન

सर्व स्वहि परीक्ष्यन्ते स्वभावा नेतरे गुणाः ।
अतीत्य हि गुणान्सर्वा न्सर्वभावो मून्धि वर्तते ॥

'સૌથી પહેલાં વ્યક્તિનો 'સ્વભાવ' કેવો છે એનું નિરીક્ષણ-પરીક્ષણ કરી લેવું જોઈએ. બીજા ગુણ જોવાતા નથી, કારણ કે બધા ગુણોને ઢાંકીને સ્વભાવ (સારો કે ખરાબ) પહેલાં બહાર આવી ઓળખાય છે.'

માણસ વિદ્વાન હોય, સ્વરુપવાન હોય, સજ્જન હોય, નિયમિત હોય, નિરોગી હોય - પણ સ્વભાવે ઉદ્ધત-ઉછૃંખલ અને ક્રોધી હોય કે ધીરજ વિનાનો-ઉતાવળીયો હોય તો એના બધા જ ગુણ આવા ખરાબ સ્વભાવ નીચે ઢંકાઈ જાય છે.

ગરીબ હોય કે ધનિક, સદ્‌ગુણી - હોવા છતાં પણ જો સ્વભાવમાં જ દોષ હોય તે માણસ કોઈની સાથે સંમત થઈ અનુકૂળ થઈ શકતો નથી. એટલે તમામ કસોટી કર્યા પછી 'સ્વભાવ' કેવો છે એ જ અગત્યની - સાચી કસોટી છે.

સુવિચાર

- જયારે કોઈ ગુનેગાર નિર્દોષ છૂટી જાય ત્યારે ન્યાયાધીશ જ ગુનેગાર બની જાય છે - **લેટિન કહેવત**
- મારામાં રહેલી ક્ષમતાઓને જે ઉજાગર કરે છે એ જ મારો સૌથી શ્રેષ્ઠ મિત્ર છે - **હેનરી ફોર્ડ**
- એક સારો નિર્ણય જ્ઞાન પર આધારિત હોય છે આંકડાઓ પર નહીં - **પ્લેટો**
- માત્ર ધનનો અવાજ સાંભળવા માટે ટેવાયેલા આપણા કાનને થોડો મનનો અવાજ સાંભળવાની ટેવ પણ પાડવી જેથી સમતોલ જીવનનો આનંદ લઈ શકાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ખોને કી દહેશત ઔર પાને કી ઝીદ ના હોતી...
  તો ના ખુદા હોતા ના કોઈ ઈબાદત હોતી... - **અમર કાનપુરી**
- સારા હોવા માટે સુંદર હોવું જરુરી નથી,
  સુગંધ ફેલાવતી અગરબત્તી દેખાવમાં આકર્ષક નથી હોતી - **મનદ અંજારીયા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણે જ્ઞાન-અજ્ઞાન અને વિજ્ઞાનનો સાચો ભેદ સમજતા નથી તેથી અજ્ઞાની ગેરસમજમાં રહે છે, જ્ઞાની ખોટા અહંકારમાં ગોથું ખાઈ જાય છે અને વિજ્ઞાની નાસ્તિકતાની નજીક પહોંચી જાય છે. આ ત્રણ બાબતો મનમાં સ્પષ્ટ થઈ જવી જોઈએ એ જરુરી છે.

રામકૃષ્ણ પરમહંસના કેટલાક ભક્તો સત્સંગમાં બેઠા હતા. એક યુવાને જ્ઞાન-અજ્ઞાન અને વિજ્ઞાનનો સ્પષ્ટ અર્થભેદ પૂછ્યો.

સ્વામીજી કહે : અનેકને જાણવાનું નામ છે અજ્ઞાન, શ્રદ્ધા એકમાં જ દૃઢ થાય અને બધામાં એક જ પરમાત્મા દેખાય તે જરુરી છે પથ્થર એટલા પૂજે દેવનો કોઈ અર્થ નથી.

એકમાં દૃઢ વિશ્વાસ શ્રદ્ધા-ભરોસો-સમર્પણ - એ છે જ્ઞાન. ઈશ્વર 'સત્ય' છે અને સર્વત્ર હોવાનો વિશ્વાસ એ જ્ઞાન છે.

ઈશ્વર સાથે સંવાદ રચી સંભાષણ કરવું, અનેક પ્રકારે તેને પ્રેમ-વાત્સલ્ય આપવું તે છે વિજ્ઞાન-ઈશ્વરને પામવાની રીત-વિધિ તે વિજ્ઞાન.

પવિત્ર પર્વોની જુગલબંધી : સંવત્સરી અને ગણેશ ચતુર્થી

પર્યુષણ પર્વને જૈન ધર્મમાં 'પર્વાધિરાજ'નું સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત થયેલ છે. પર્યુષણની આરાધના સંવત્સરીના દિવસે પરાકાષ્ઠાએ પહોંચીને પછી પારણામાં વિરમે છે. અહિંસા ક્ષમા અને અનેકાંતવાદ - એ જૈન ધર્મ તરફથી માનવ સંસ્કૃતિને મેળવી અણમોલ સોગાત છે. હિંદુઓનો પવિત્ર તહેવાર ગણેશ ચતુર્થી અને જૈનોની સંવત્સરી એક જ દિવસે આવતાં હોઈ બે માંગલિક પર્વોની જુગલબંધી રચાઈ જાય છે. ગણેશ વિઘ્નહર્તા દેવ ગણાય છે, વળી એમના પિતા દેવાધિદેવ મહાદેવનું વરદાન પામેલ હોઈ બધા દેવો કરતાં પહેલાં એમનું પૂજન કરાય છે. ગણપતિના વિચિત્ર આકાર અને સ્વરુપમાં ઊંડા અર્થસંકેતો છુપાયેલા છે. એમનું મોઢું મોટું છે, આંખો ઝીણી છે, પેટ બહુ જ મોટું હોવાથી એ દૂંદાળા દેવ ગણાય છે. લાંબી સૂંઢ વડે એ સારીનરસી બાબતો સવેળા સૂંઘી લે છે. વળી એવડું ભારે ભરખમ શરીર છતાં વાહનમાં મૂષક! ગણેશ અને કાર્તિકેય મા જણ્યા ભાઈ, પણ કાર્તિકેય ઉતાવળિયા. ગણેશ ધીરગંભીર. માતાપિતાની પ્રદક્ષિણા એ જ સૃષ્ટિની પરિક્રમા એવું સૂત્ર સૌ પ્રથમ ગણેશે અમલમાં મૂક્યું અને પ્રતાપી પિતાના પ્રીતિપાત્ર બની રહ્યા. અંગ્રેજો ભારતીય પ્રજામાં ચાલુ થયેલી સ્વતંત્રતાની ચળવળ પર બાજ નજર રાખતા અને નેતાઓને રાજદ્રોહના ગુનાસર પકડી જેલમાં પૂરી દેતા. વિચક્ષણ લોકનેતા અને તત્કાલીન ઈંડિયન નેશનલ કોંગ્રેસના સૌથી મોટા નેતા લોકમાન્ય બાલગંગાધર ટિળકે 'કેસરી' અને 'મરાઠા' જેવાં અખબારો મારફત આઝાદીની અહાલેક જગાવી હતી. અંગ્રેજ સરકારની કરડી નજરે રહેતી હોઈ સભાઓ યોજવામાં જોખમ રહેતુ. ટિળક મહારાજના ફળદ્રુપ ભેજામાં સાર્વજનિક ગણેશોત્સવ ઊજવવાનો વિચાર સ્ફુર્યો. ૧૯૫૭ના રાષ્ટ્રવ્યાપી વિપ્લવથી દાઝેલા અંગ્રેજો પ્રજાના ધાર્મિક પ્રસંગોમાં દખલગીરી નહોતા કરતા. આમ ગણેશોત્સવ કાળક્રમે રાષ્ટ્રીય ઉત્સવ બની ગયો અને સ્વાતંત્ર્ય ચળવળ માટે મોકળું મેદાન સાબિત થયો. મહારાષ્ટ્ર પૂરતા સીમિત ઉત્સવની આજે દેશ અને દુનિયામાં ઉમંગભેર ઉજવણી થાય છે. ગણપતિની વિશાળકાળ મૂર્તિઓની સ્થાપના થાય છે અને દસ દિવસ બાદ અનંત ચતુર્દશીના દિવસે એમનું નદી-જળાશયોમાં વિસર્જન કરાય છે. આથી પર્યાવરણમાં ફેલાતું પ્રદૂષણ એ ગંભીર સમસ્યા બની રહે છે. તેથી પર્યાવરણવિદોએ પ્લાસ્ટર ઑફ પૅરિસને બદલે ચીકણી માટી અને નારિયેળનાં છાંડિયાંથી બનાવાતી 'ઈકો-ફ્રેન્ડલી' મૂર્તિઓની તરફેણ કરી છે. આ પ્રકારની મૂર્તિઓ બનાવતી આદિવાસી મહિલાઓને એમાંથી સારી એવી રોજીરોટી પણ મળી રહે છે. અમદાવાદના ગુલબાઈ ટેકરાથી લઈ અંબાજીના ડુંગરાળ પંથક માટે ગણપતિ બાપ્પા પૂરક રોજી રળી આપનારા મંગળમૂર્તિ દેવતા બની રહ્યા છે. સંવત્સરી એ આરાધનાનું શિખર પર્વ છે. જૈનો પરસ્પરને અને જડચેતન સૌને 'મિચ્છામિ દુક્કડં' પાઠવી શ્રમાપના કરે છે. ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે. શ્રીપદ્ રાજચંદ્રથી લઈ લોકસંત જેસંગબાપા સુધીના સંતપુરુષોએ ક્ષમાનો ઉપદેશ આપ્યો છે. ક્ષમા ફક્ત વીર વ્યક્તિ જ આપી શકે. ક્ષમા વીરસ્ય ભૂષણમ્. આજના મંગલ અવસરે ક્ષમા માગીએ અને આપીએ.

તંત્રીસ્થાનેથી....

આ ઘર નથી તમારું, મહેમાન છો પ્રભુના, ન કરશો મારું મારું, મહેમાન છો પ્રભુના...

"પરમને પામવા શરણું જ પૂરતું છે પ્રતીક્ષાનું;
વરસ, મહિના, દિવસ કે ક્ષણ બધું મિથ્યા છે છોડી દે..."

- ભાર્ગવ ઠાકર

"આ ઘર નથી તમારું, મહેમાન છો પ્રભુના,
ન કરશો મારું મારું, મહેમાન છો પ્રભુના..."

જગદ્‌ગુરુનો જન્મોત્સવ મનાવી સૌ ધન્ય થયા! યુગોથી ચાલી આવતી ઉત્સવ પ્રણાલિ ઉત્સાહનો નવસંચાર કરે તો છે જ પણ સાથે સાથે નૂતન જીવનબોધ મોંઘમમાં સમજાવી જાય છે, પ્રતિ વર્ષ આવતો શ્રાવણ માસ જીવને શિવ બનવા સૂચવે છે. દોસ્તો, આ શિવમય બનવું એટલે 'શિવો ભૂત્વા શિવં યજેત્' શિવના ગુણો જીવનમાં પ્રસ્થાપિત કરવા. શિવ અર્થાત કલ્યાણકારી બનવું. અન્યનું કલ્યાણ - ભલું ઈચ્છવું એટલું જ નહિ મદદગાર થવું. સાચા અર્થમાં શિવમય બનીએ તો કૃષ્ણત્વ આપોઆપ પાંગરે... હવે 'કૃષ્ણત્વ' એટલે હવે 'કૃષ્ણત્વ' એટલે કર્ષતિ-આકર્ષિત-અન્યનું આકર્ષણ રુપ બને. ભલાઈ કરનાર સદા સર્વપ્રિય આદરપાત્ર હોય જ. સર્વ પ્રિય લોકોત્તર વ્યક્તિત્વ એટલે જ કૃષ્ણનું હોવાપણું... આ પવિત્ર માસ 'દિને દિને નવં નવં' કૃષ્ણની જેમ નિત નવા બનવાનો અર્થાત્ સાચા મનુષ્ય થવાનો ઈશારો કરે છે. પિંડમાંથી સમગ્ર બ્રહ્માંડમાં વ્યક્તિનું વ્યાપ્તિકરણ થવું એટલે જ કૃષ્ણત્વ પ્રગટવું...

લાગણીનો મેળો
રસિક વાળંદ

શ્રીકૃષ્ણને આપણે દેવ-માનવ કે પ્રતીક રુપે ભળે નિહાળીએ પણ એ તો 'અસિતગિરિસમ...' વ્યક્તિત્વ છે, પૂર્ણતાનો અવતાર - પુર્ણ પુરુષોત્તમ કૃષ્ણચંદ્રનું અસામાન્યત્વ સામાન્યજનમાં ભળી ગયું હતું એ કેટલી અલૌકિક ઘટના હશે!! કૃષ્ણ આપણને નિર્દેશે છે, 'તમારા વ્યક્તિત્વમાં એવું કશુંક ઊભું કરો જેથી તમો આકર્ષણનું કેન્દ્ર રહો,' આવું ત્યારે જ થઈ શકો જયારે વ્યક્તિ નિરપેક્ષ-નિરાકાંક્ષ બની કાર્ય કરે... મિત્રો, આ ગહન તત્ત્વજ્ઞાન વિનોબા ભાવે - એ સરળ સૂત્રમાં બાંધ્યું, 'ઘસાઈને ઉજળા થઈએ.' સાંભળવા - વાંચવામાં સરળ જણાતી આ વાતો આચરણ માટે ભલે અઘરી લાગે પણ અશક્ય તો નથી જ...

મિત્રો, આપણે તો આ ધર્મકર્મ, ફિલસૂફી, આદર્શની વાતો પાછળનું તથ્ય સત્ય કવિ સુન્દરમ્‌ની જાણીતી ઉક્તિ 'હું માનવી માનવ થાઉં તો ઘણું' માં સમાયેલું જ છે. માનવદેહ લઈ અવતર્યા ખરા પણ અપેક્ષિત માનવ્યનો અભાવ જોવા મળે છે. આ માનવપણું ભૂંસાઈ કે ભૂલાઈ જવા પાછળ અનેક કારણો રહેતાં હશે જેની ચર્ચા અહીં અસ્થાને છે. આખરે તો પ્રત્યેક વ્યક્તિએ આત્મચિંતન કરવું ઘટે!! એક હકીકત તો ઓ છે કે,

અનુસંધાન પાના નં. ૭ પર

હાં રે હરિ વસે હરિના જનમાં

તા. ૨૦.૦૮.૨૦૧૫ ના અંકમાં આપણે પવિત્ર શ્રાવણ માસમાં શિવજીના શિરે અભિષેક કરવામાં આવતા દૂધ કોઈ ગરીબ શિશુને પીવડાવવા વિશે થોડીક વાતો કરી હતી. બીજા જ દિવસે એટલે તા. ૨૧.૦૮.૨૦૧૫ના જનસત્તા દૈનિકમાં દિનેશ પંચાલે જીવનની સરગમ કોલમમાં 'રિવાજોનું રિનોવેશન' એવો એક સુંદર લેખ લખ્યો છે. આ લેખનું પહેલું જ વાક્ય જાણે આપણે કરેલી વાતનું સમર્થન આપે છે. તેમણે લખ્યું છે, 'શ્રાવણ મહિમાં સમગ્ર ગુજરાતમાં શિવમંદિરોમાં સેંકડો ટન દૂધ શંકરજીની મૂર્તિ પર રેલાઈને ગટરમાં વહી જાય છે. એ બધું દૂધ ઝૂપડપટ્ટીના બાળકોનાં પેટમાં જતું હોય તો માનવતાનું કેવું સુંદર કામ થઈ શકે?' આજ લેખમાં તેઓ આગળ લખે છે.

'થોડા સમય પૂર્વે સુરતના કેટલાક નવ યુવાનોએ સુંદર પ્રયોગ કર્યો હતો. શંકરજીના મંદિરે શિવલિંગ પર દૂધ ચઢાવતા હજારો શ્રદ્ધાળુઓને તેમણે એમાંથી થોડું દૂધ ગરીબ બાળકો માટે આપવા સમજાવ્યા, પરિણામ એ આવ્યું કે હવે શ્રદ્ધાળુઓ શિવલિંગ પર વિધિ પૂરતું માત્ર બે ચમચી દૂધ ચઢાવે છે અને બાકીનું બધું દૂધ ઝૂપડપટ્ટીના ગરીબ બાલકોને આપી દે છે. ધર્મમાં, માનવતા અને સદ્‌બુદ્ધિ ભળે તો કેટલું સારું કામ થઈ શકે તેનો આ દાખલો છે.' શ્રી દિનેશભાઈએ તેમના લેખમાં આવા તો ઘણા દાખલા ટાંક્યા છે. આપને રસ પડે તો આ લેખ મેળવીને જરુરીથી વાંચવા વિનંતી છે.

મનના ઉમંગો
રણછોડ પરમાર

નવાઈની વાત તો એ છે કે બરાબર એ જ દિવસે ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં જૂનાગઢમાં એક સિનિયર સિટીઝન દ્વારા આ હેતુ માટે મિલ્ક બેંક શરુ કરવામાં આવી હોવાના સમાચાર છપાયા છે. જૂનાગઢમાં આ વરિષ્ઠ નાગરિક (ખરેખર એ આપણા બધા કરતાં દસ આંગળ ઊંચો છે) ઑન્લી ઈન્ડિયન તરીકે ઓળખાય છે. એમણે શિવાલયોમાં થતાં દૂધના અભિષેક દરમિયાન થોડું દૂધ શ્રદ્ધારુપે ભગવાનને ચડાવી, બચેલું દૂધ તેમણે શરુ કરેલી મિલ્ક બેંકમાં જમા કરાવા ઉમેશ્વર મહાદેવ, રામેશ્વર મંદિર અને જાગનાથ મંદિર ખાતે પેમ્ફલેટ લગાવ્યા છે. આમ તેઓ દરરોજ ૧૭ થી ૧૮ અને સોમવારે ૩૫ થી ૪૦ લીટર દૂધ ગરીબ બાળકો અને લોકોને વહેંચી શકે છે. અંધારી રાતમાં અંધારું દૂર કરો. અંધારુ દૂર કરો એવી બૂમો પાડવાથી કંઈ અંધારું રતિભાર હટવાનું નથી. એના માટે તો કોઈક દીવડો પ્રકટાવવો પડે. પરંતુ નિરાશ થવાની જરુર નથી. સુરત અને જૂનાગઢની જેમ રાજયના અન્ય વિસ્તારોમાં પણ આવા ભલે નાના તો નાના... પરંતુ દીવડા પ્રગટી રહ્યા છે એ હરખની વાત છે. આજે કોડિયાં અજવાળનારા આવ્યા છે તો કાલે મશાલો સળગાવનારા પણ આવશે. માનવતાનું અર્થાત ધર્મનું ભવિષ્ય સહેજે ધૂંધળું નથી.

ભક્તકવિ કબીર તો બહુ વરસો પહેલાં કહી ગયા છે, સાંભળો -

કબીર કહે કમાલ કો, દો બાતાં શીખ લે,
કર સાહેબ કી બંદગી, ભૂખેકું કુછ દે.

કબીર સાહેબની પહેલી વાત એટલે કે પ્રભુની પ્રાર્થના આપણા ઑન્લી ઈન્ડિયને કેટલી કરી છે. તે આપણે જાણતા નથી પરંતુ બીજી વાત તો એમણે પૂરેપૂરી આત્મસાત કરી લીધી છે. ભૂખ્યાને અન્ન આપવા જેવું બીજું કોઈ પુણ્ય નથી. સાચો ધરમ જ આ છે. હવે હરિ પ્રાપ્ત કરવા માટે વનમાં જઈએ તપ કરવાની કશી જરુર નથી. હરિની ભક્તિમાં જે લીન થયા છે. એવા જનના હૃદયમાં હરિ વસે છે. એવા કોઈ ગરીબ ગુરબાની સહાય કરશો તો બીજા ધર્મધ્યાન કરવાની જરુર નથી. કાશી જવાની કે ગંગાજીમાં નહાવાની કોઈ જરુર નથી. (અલબત્ત એનો અનહદ આનંદ મેળવવા જાવ તો વાત જુદી છે) હોમ-હવન કરવાની ય જરુર નથી. કેટલાક બધા વરસો પહેલાં મીરાંબાઈએ આ વાત કરી છે. સાંભળો ત્યારે શ્રાવણ માસમાં મનને એક ભજન ગાવાનું મન થયું છે. હે પ્રભુ મારા હૃદયનો વિકાસ કરો.



● અંતર મમ વિકસિત કરો

અંતર મમ વિકસિત કરો અન્તરતર હે!
નિર્મલ કરો, ઉજ્જવળ કરો, સુન્દર કરો હે.

- અન્તર...

જાગ્રત કરો, ઉધ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલય નિઃસંશય કરો હે.

- અન્તર...

યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ,

- અન્તર...

ચરણ-પદ્મે મમ રિક્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.

- અન્તર...

- રવીન્દ્રનાથ ટાગોર

બાયપાસ સર્જરી ઑપન હાર્ટ સર્જરી છે

હાલ છેલ્લા ત્રણ અંકોથી હૃદયને લગતી બિમારીઓ માટેની ચિકિત્સા પદ્ધતિઓની વાત ચાલે છે. હૃદયને બહુ સેન્સેટીવ અંગ છે. ચાલીસી વટાવ્યા પછી આમ તો દરેક વ્યક્તિ પોતાની હેલ્થ પ્રત્યે સભાન જ હોય છે, પરંતુ હૃદય માટે તો ખાસ જાગૃત હોય છે. થોડુંક કંઈક છાતીમાં દુઃખે છે, ગભરામણ જેવું થાય કે તરત કાર્ડીયોલોજીસ્ટ પાસે દોડી જાય, જે સારી વાત છે, જે સારી વાત છે. સભાન રહેવું પણ ચિંતિત ન રહેવું. ચિંતા કરવાથી મુશ્કેલી ઓર વધશે. જો આપ હાર્ટ પેશન્ટ હશો તો આપના ડૉકટરે પણ કહ્યું જ હશે કે ટેન્શન નહિ રાખતા, વધુ ગુસ્સો નહિ કરતા આદિ... કારણ કે આ બધું કરવાથી ઉલ્ટાનો રોગ વધશે. એટલે આમ જોઈએ તો આ એક વિચિત્ર પેરાડોક્સ (વિરોધાભાસ) છે, કે હૃદયમાં તકલીફ હોય એટલે સ્વાભાવિક જ ચિંતા થાય. અને વળી ચિંતા થાય તો હૃદયની તકલીફ પણ વધી શકે... એટલે જ સભાન રહેવું પણ ચિંતિત નહીં. હાલ વિજ્ઞાન એટલું એડવાન્સ છે કે આપણે જલ્દી કરીને મોહ-માયામાંથી છૂટવા નહિ દે. અને હૃદયને આવી તકલીફો પડે જ નહિ એવું ઈચ્છતા હોય તો આયુર્વેદ - યોગ, પ્રાણાયામ-વ્યાયામ છે જ.

એની વે, આપણે હૃદયના રોગોમાં - ખાસ કરીને બ્લોકેજમાં કરવામાં આવતી એન્જીયોપ્લાસ્ટી વિશે જોયું, એ પહેલાં આપણે એન્જીયોગ્રાફી વિશે પણ જોયેલું. હવે આજે થોડી વધુ કોમ્પ્લેક્સ એવી બાયપાસ સર્જરીની વાત કરીએ.

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

બાયપાસ સર્જરી ઑપન હાર્ટ સર્જરી છે. એટલે કે આમા શરીરમાં કાપકૂપ કરવી પડતી હોય છે. ખાસ કરીને જયારે બ્લૉકેજ ખૂબ વધુ હોય કે ખૂબ વધી બધી જગ્યાએ હોય કે રચનાગત રીતે હૃદયની રક્તવાહિનીમાં કોઈ ડિફેક્ટ હોય ત્યારે બાયપાસ સર્જરી કરવામાં આવે છે. 'બાયપાસ' નામ જ સૂચક છે. એટલે કે જે ધમનીમાં ડિફેક્ટ છે તેને બાયપાસ કરવામાં ઓવ છે. સરળ શબ્દોમાં કહું તો બ્લોકેજ થયેલા ભાગની આગળ તરફથી એક નળી જોડીને 'ડાયવર્ઝન' બનાવવામાં આવે છે. જે બ્લૉકેજ જ બાદ વળી મૂળ નળી સાથે જોડાઈ જાય છે. આ ડાયવર્ઝન બનાવવા માટે જરુરી નળી (ધમની) શરીરના બીજા અંગોમાંથી ધમનીઓમાંથી લેવામાં આવે છે.

આ સર્જરી દરમિયાન વ્યક્તિને એક ખાસ મશીન સાથે જોડવામાં આવે છે. જેને હાર્ટ - લંગ મશીન કહે છે. આ મશીન અમુક સમય માટે આપના હૃદયની ગરજ સારે છે. અને આપના શરીરમાં રક્તપ્રવાહને નિયમિત રાખે છે. આ દરમિયાન આપનું હૃદય ધબકતું બંધ કરવામાં આવે છે અને બાયબાસ સર્જરી કરવામાં આવે છે સર્જરી પૂર્ણ થતા ફરી હૃદયનું પમ્પીંગ ચાલુ કરવામાં આવે છે અને વ્યક્તિને હાર્ટ-લંગ મશીનથી વિમુક્ત કરવામાં આવે છે. હાલ બીજી એડવાન્સ ટેકનિક પણ નીકળી છે જેમાં ચાલુ સર્જરીમાં પણ હૃદયને બંધ નથી કરવું પડતું આ ટેકનિકને ઑફ પંપ સર્જરી કરે છે.

બાયપાસ સર્જરી ૩ થી ૬ કલાક સુધી ચાલી શકે છે. વ્યક્તિને એનેસ્થેસીયા આપી બેભાન કરી દેવામાં આવે છે. આ સર્જરી પૂર્ણ થયે વ્યક્તિને આઈ.સી.યુ.માં ખસેડવામાં આવે છે અને અમુક દિવસો સુધી તેનું મોનિટરીંગ કરવામાં આવે છે ત્યારબાદ વ્યક્તિને આઈ.સી.યુ.માંથી બહાર લાવવામાં આવે છે અને અમુક દિવસોમાં વ્યક્તિને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રેમમાં સત્યની માત્રા : આવૃત્ત અને અનાવૃત્ત

ભગવાન શ્રીકૃષ્ણએ તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એકથી વધુ વખત કહ્યું છે કે "પ્રેમ એ સત્ય છે, પ્રેમ એ કરુણા છે, પ્રેમ એ મૈત્રી છે, પ્રેમમાં છે એવી પવિત્રતાની માત્રા બીજા કશાયમાં હોઈ શકે નહીં." પ્રેમ જ ખુદ સત્ય છે. પ્રેમ સાચો કે ખોટો કેવી રીતે હોઈ શકે. બે જ બાબત પ્રેમ નામના તત્વમાં કે પરિણામના અંતિમ છેડે હોય, યા તો પ્રેમ છે, યા તો પ્રેમ નથી. વચ્ચેની કોઈ અવસ્થા જ ન હોઈ શકે. તમને પ્રેમ છે અથવા તમને પ્રેમ નથી.

ઓશોએ તો એમ કહ્યું છે કે "પ્રેમ તમને તમારા ઈષ્ટદેવ, ઈશ્વરની નજીક લઈ જાય છે. પ્રેમ તમને સમાધિની અવસ્થાએ પહોંચાડી દે છે. પ્રેમથી મોટી બીજી કોઈ વસ્તુ, બીજી કોઈ બાબત, બીજી કોઈ ભૌતિક ચીજવસ્તુ હોઈ શકે જ નહીં."

દુનિયામાં જેને જેને પ્રેમ મળી ગયો, તેને પછી કોઈ ભૌતિક સુખોની કામના રહેતી નથી. મેવાડની રાજરાણી મીરાંને ભગવાન શ્રીકૃષ્ણનો પ્રેમ - ભક્તિસ્વરુપનો પ્રેમ મળી જાય છે, પછી તેના માટે રાજપાટ કે ઉઘાડી ધરતીની પથારી વચ્ચે કોઈ ભેદ રહેતો જ નથી. તેના માટે ધરતીની ખાટ પણ રાજપાટના વૈભવથી કંઈ કમ નથી. આ અનુભવ પ્રેમમાં થાય તો સમજવું કે તમે સાચા રસ્તે છો.

પ્રેમ આપીને પ્રેમ પામવાનો હોય છે. પ્રેમ પોતાના પ્રિયતમ પાસેથી પ્રેમ સિવાય બીજા કશાયની અપેક્ષા ક્યારેય રાખતો નથી. આપીને પામવાનું નામ પ્રેમ એ વાત સાચી પરંતુ પ્રેમમાં કશાયની અપેક્ષા પણ હોતી નથી. તમે જેને પ્રેમ આપો તેની પાસેથી પ્રેમ પાછો મળશે, એવી આશા રાખવી એ પણ પાપ છે.

આ કોઈ ધંધો-વેપાર કે બદલો યા સાટા પદ્ધતિ નથી કે તમે એક કિલો જેટલી કોઈ ચીજ આપો અને તમને બદલામાં એક કિલો જેટલી જ બીજી કોઈ ચીજ મળી રહે. પ્રેમ આપ્યા પછી પણ પાછું કશું જ ન મળે છતા મન પ્રફુલ્લિત રહે એ જ પ્રેમની પરાકાષ્ઠા છે. તમે કોઈને પ્રેમ આપો, ત્યારે તમને સામેથી પ્રેમ મળે પણ ખરો અને ન પણ મળે.

ગુલમોર
દિનેશ દેસાઈ

પ્રેમમાં સત્યની માત્રા આવૃત્ત અને અનાવૃત્ત હોઈ શકે. પ્રેમ એ જ સત્ય છે અને સત્ય એ જ પ્રેમ છે. જો પ્રેમમાં એકમેક સાથેની વાતચીતમાં જૂઠનો સહારો લેવો પડે ત્યારે સમજવું કે સંબંધના અંતનો આરંભ છે. કેમ કે અસત્યના પાયા ઉપર પ્રેમ અને સત્યની ઈમારત આકાર લઈ શકે નહીં અને જો આકાર લીધો પણ હોય તો એવી ઈમારત અસત્યના ભૂકંપથી તૂટી જ પડે.

પ્રેમમાં સત્ય જ સર્વોપરિ છે. પ્રેમમાં અસત્ય ઘણી વાર આવૃત્ત હોય છે, એટલે કે ઢાંકી રાખવામાં આવેલું હોય છે. જો કે અસત્ય એ પાપ જ છે, પાપને ગમે તેટલું ઢાંકીને રાખો તો પણ છાપરે ચઢીને પોકારતું જ હોય છે અને સૌનું ધ્યાન ખેંચતું જ હોય છે. પ્રેમમાં અસત્ય અનાવૃત્ત એટલે કે ઢાંક્યા વિનાનું અને સ્પષ્ટરૂપે પણ કહેવાતું હોય છે.

પ્રેમમાં સત્યની માત્રા આવૃત્ત અને અનાવૃત્ત હોઈ શકે, પ્રેમ એ જ સત્ય છે અને સત્ય એ જ પ્રેમ છે, જો પ્રેમમાં એકમેક સાથેની વાતચીતમાં જૂઠનો સહારો લેવો પડે ત્યારે સમજવું કે સંબંધના અંતનો આરંભ છે

પ્રિયજનને તેના સાથી સત્ય ઢાંકીને કહે કે છડેચોક કહે, પ્રેમસંબંધમાં એ ખુબ અણધારી અને અસહ્ય ઘટના હોય છે. અસત્યનું આચરણ યા અસત્યનો સાથ હંમેશા ખુલ્લા પડી જ જાય છે. પ્રેમને હંમેશા પવિત્ર રહેવા દેવાની કાળજી અને કોશિષ કોઈ પૂજાથી કમ નથી.

લોભ, લાલચ, ઈર્ષા, ખટપટ, કંઈક મેળવી લેવાની જિજીવિષા મનની ભીતર અડિંગો જમાવીને બેસી રહી હોય તો સમજવું કે હજુ હૃદયમાં પ્રેમની પાવક જ્યોત પ્રગટવાની બાકી છે. પ્રેમમાં અપરાધભાવ કે બદલાની આગને સ્થાન ન હોઈ શકે. પ્રેમમાં ઈર્ષાની આગ હોય તો સમજવું કે એ પ્રેમ ખરેખર પ્રેમ જ નથી. પ્રેમમાં પણ સત્વ ગુણ, રજો ગુણ અને તમો ગુણ હોઈ શકે. પ્રેમમાં સત્વ ગુણ એટલે પવિત્રતા. પ્રેમમાં રજો ગુણ એટલે વિકાર-વાસના અને પ્રેમમાં તમો ગુણ, તામસી ગુણ, તામસી ભાવ એટલે કે નકારાત્મકતા, ગુસ્સો, ઈર્ષા, અહંકાર, બદલાની ભાવના વગેરે.

એકવીસમી સદીમાં પ્રેમમાં સત્વ ગુણ અને પ્રેમમાં પવિત્રતા રણમાં મીઠી વીરડી જેવી ગણાય. પ્રેમમાં પવિત્રતા અથવા પ્રેમમાં સત્વ ગુણ શોધવા માગતા પ્રિયજનને લોકો મુરખ જ ગણે. એક શબ્દપ્રયોગ છે: "પ્રેમમાં પાગલ થવું." પ્રેમ પાગલ યા ગાંડા થયા હોય એ જ કરી શકે. પ્રેમમાં ડાહ્યા માણસનું કામ નહીં.

પ્રેમ હંમેશા માફી આપી દે. પ્રેમ હંમેશા માફ કરવાનું જ ઉચિત સમજે. પ્રેમમાં માફી મેળવવાની અપેક્ષા પણ ન હોય. સાચો પ્રેમ ઝુકી જાય, નમ્રતા દર્શાવે. પ્રેમ અહંકારરહીત હોય છે. એકમેકની ભૂલો દર્શાવે-બતાવે એનું નામ પ્રેમ. આમ ભૂલો-ખામીઓ બતાવ્યા પછી પણ પ્રિયજન જેવો હોય તેવો સ્વીકારી લે તેનું નામ જ પ્રેમ.

સ્ટોપર :

'મુઝ કો પતા તો ચલે કિં એબ કયા કયા હૈ મુઝ મેં,
તું મેરા આઈના બન જાએ તો મેં રુબરુ હો જાઉં'